પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૮૦ | ૩૧ મે, ૨૦૧૭, બુધવાર ; જયેષ્ઠ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### આરબીઆઈ લાવશે નવી એક રૂપિયાની નોટ

આરબીઆઈ ટૂંક સમયમાં ૧ રૂપિયાની નવી નોટ બહાર પાડવાનું છે. આ નવી નોટ માર્કેટમાં આવ્યા બાદ પણ જૂની ૧ રૂપિયાની નોટ અને સિક્કા ચલણમાં રહેશે.

### બિહારમાં ધો-૧૨માં ૬૫ ટકા વિદ્યાર્થીઓ નાપાસ

બિહારમાં અગાઉ ધો-૧૨ની પરીક્ષા ચોરી મામલે વિવાદમાં રહી હતી. ત્યારબાદ આજે મંગળારે જાહેર થયેલા પરિણામમાં ૬૫ ટકા વિદ્યાર્થીઓ નાપાસ થતાં રાજયના કથળતાં જતાં શૈક્ષણિક સ્તરની ચર્ચા જાગી છે.

### મહિલા અધિકારીને બચાવવા જતા યુવા અધિકારીએ જીવ ગુમાવ્યો

દક્ષિણ દિલ્હીના બેરસરાય



એરિયામાં સહકર્મી મહિલા અધિકારીને સ્વીમીંગ પુલમાં ડૂબવાથી બચાવવાની કોશિશમાં યુવાન એપ્રેન્ટીસ આઈએએસ ઓફિસર આશિષ દહિયાએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.

# બાબરી કેસમાં અડવાણી-જોશી સામે આરોપો ઘડાયા

## ૫૦૦૦૦ રૂપિયાના અંગત બોન્ડ ઉપર હાલ જામીન મંજુર : કોર્ટ કાર્યવાહી શરૂ થતાં બધા ૧૨ આરોપીઓના વકીલ દ્વારા જામીન અરજી કરાતા સ્વીકાર થઇ : કાવતરા આરોપોથી નિર્દોષ છોડવાની અરજી ફગાવાઈ



લખનૌ,તા. ૩૦

સમગ્ર દેશને હચમચાવી મુકનાર અને રાજકીય જગતમાં પણ ભૂકંપ સર્જનાર બાબરી મસ્જિદ ધ્વંસ કેસમાં સીબીઆઈની ખાસ અદાલતે આજે ભાજપના વરિષ્ઠ નેતા એલકે અડવાણી, મુરલી મનોહર જોશી, કેન્દ્રીય મંત્રી ઉમા ભારતી સહિત ૧૨ આરોપીઓની સામે અપરાધિક કાવતરાના આરોપો ઘડી કાઢ્યા હતા. સુપ્રીમ કોર્ટના નિર્દેશ ઉપર આ કાર્યવાહી કરવામાં આવી છે. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું છે કે, આરોપીઓની સામે કલમ ૧૨૦બી હેઠળ અપરાધિક કાવતરાના આરોપ ઘડવા માટે પુરતા પુરાવા છે. આ કેસમાં બે વર્ષની અંદર ચુકાદો જાહેર કરવામાં આવનાર છે. અદાલતમાં અડવાણી સહિત તમામ આરોપીઓએ પોતાના ઉપર મુકવામાં આવેલા આરોપોને ફગાવી દીધા છે. સાથે સાથે જામીન માટે અરજી કરી છે. આ લોકોએ કહ્યું છે કે, તેઓ કાયદામાં માનનાર લોકો છે. તેમના વર્તન ઘણા સારા રહ્યા છે. તેમની સામે ટ્રાયલ ચાલી રહી છે. અલબત્ત સીબીઆઈએ કોર્ટમાં આરોપીઓને જામીન આપવાનો વિરોધ કર્યો હતો. આદેશમાં લખવામાં આવ્યું છે કે,

● અનુસંધાન પાન-૭ પર

# દક્ષિણ-પશ્ચિમ મોનસુનની કેરળમાં ધમાકેદાર એન્ટ્રી

## કેરળમાં અતિભારે વરસાદ પડવાની પણ આગાહી : દેશના અન્ય અનેક ભાગોમાં વરસાદ થયો : ૧૦મી જૂન સુધી મુંબઈમાં વરસાદ : બાંગ્લાદેશમાં વાવાઝોડુ ત્રાટક્યું



કોચી, તા.૩૦

જેની ઉત્સુકતાથી રાહ જોવાઈ રહી હતી તે દક્ષિણ પશ્ચિમ મોનસુન કેરળમાં એન્ટ્રી કરી ગયું છે. કેરળના તમામ વિસ્તારોમાં હાલમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ભારે વરસાદનો દોર હજુ જારી રહે તેવી શક્યતા છે. બીજી બાજુ ઉત્તર પૂર્વમાં પણ ભારે વરસાદ થઇ રહ્યો છે. દક્ષિણ પશ્ચિમ મોનસુનની અસર ઉત્તર પૂર્વીય ભાગોમાં પણ હવે જોવા મળી શકે છે. ભારતીય હવામાન વિભાગે તમામ પાસાઓ અને પરિબળોને ધ્યાનમાં લીધા બાદ મોનસુનની એન્ટ્રીની જાહેરાત કરી દીધી છે. આઈએમડી મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તરાખંડ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પૂર્વીય મધ્યપ્રદેશ, બિહાર, કેરળ, નિકોબાર દ્વીપમાં અનેક જગ્યાઓએ વરસાદ થયો છે. જો કે, મહત્તમ તાપમાનમાં હાલ આગામી બે ત્રણ દિવસ

● અનુસંધાન પાન-૭ પર

# જર્મની સાથેના આર્થિક સંબંધોમાં સુધારો થયો છે : મોદી

## ભારત અને જર્મની વચ્ચે આઠ સમજૂતિ ઉપર હસ્તાક્ષર : જર્મન ચાન્સલર માર્કેલ સાથે મોદીની ઐતિહાસિક શિખર બેઠક : ભારતની વિશ્વસનીયતાની માર્કેલ દ્વારા પ્રશંસા : સંયુક્ત ઘોષણાપત્ર ઉપર હસ્તાક્ષર



નવીદિલ્હી,તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જર્મનીના ચાન્સલર એન્ગેલા માર્કેલ સાથે વિસ્તારપૂર્વક વાતચીત કરી હતી. ચોથા તબક્કાની ભારત જર્મની આંતર સરકારી વાતચીત ખુબ જ ફળદાયી રહી હતી. મોદીએ બંને દેશો વચ્ચે આઠ સમજૂતિ ઉપર હસ્તાક્ષર વેળા હાજરી આપી હતી. આ પ્રસંગે મોદીએ કહ્યું હતું કે, અમે એકબીજા માટે બન્યા છે. મોદીએ કહ્યું હતું કે, આતંકવાદ ભવિષ્યની પેઢી માટે ગંભીર ખતરા તરીકે છે. તમામ માનવીય શક્તિઓને આ દૂષણ સામે લડવા માટે એકમત થવાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ભારત-જર્મની વચ્ચે આર્થિક સહકારમાં જોરદાર ઉછાળો આવ્યો છે. જર્મન ચાન્સલર માર્કેલે મોદી સાથે વાતચીત કર્યા બાદ કહ્યું હતું કે, ભારતે એક વિશ્વનીય ભાગીદાર હોવાની વાત પુરવાર કરી છે. આ અગાઉ જર્મન ચાન્સલરની

● અનુસંધાન પાન-૭ પર

# દેશભરમાં દવાની દુકાનો બંધ રહી

## ૯ લાખથી વધુ દુકાનદારો હડતાળમાં જોડાયા




નવી દિલ્હી, તા.૩૦

કેન્દ્ર સરકાર દ્વારા લાદવામાં આવેલા કઠોર નિર્ણય સામેના વિરોધમાં કેમિસ્ટ યુનિયન દ્વારા આજે હડતાળ પાડવામાં આવી છે. હડતાળના કારણે લોકોને મુશ્કેલી નડી હતી. ઈ-પોર્ટલ પર દવાઓના વેચાણની વિગત

● અનુસંધાન પાન-૭ પર

# અલગતાવાદી નેતાઓએ બહારથી ફંડ મળવાનું સ્વીકાર્યુ

## અલતાવાદી નેતાઓની દિલ્હીમાં એનઆઈએની ઓફિસમાં કલાકો પુછપરછ

નવી દિલ્હી,તા. ૩૦

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓને ફન્ડીંગ અને ભાંગફોડી પ્રવૃત્તિઓ માટે નાણાં ઉપલબ્ધ કરાવવા બદલ એક કેસના સંબંધમાં ત્રણ હુર્રિયત નેતાઓની આજે પણ આકરી પૂછપરછ કરવામાં આવી હતી. આજે સવારે ફરી ત્રણેય નેતાઓ એનઆઈએની ઓફિસમાં પહોંચ્યા બાદ તેમને વેધક પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હજુ તેમની પુછપરછ આગળ જારી રહે તેવી શક્યતા છે. સતત તેમની પુછપરછ ચાલી રહી છે. હજુ પણ તેમની પુછપરછમાં વેધક પ્રશ્નો કરવામાં આવે તેવી શક્યતા છે. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી સમક્ષ આ ત્રણેય અલગતાવાદી લીડરો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ તેમની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. સૂત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ ફારુક અહેમદ દાર ઉર્ફે બીટ્ટા, નઈમખાન અને જાવેદ અહેમદ ઉર્ફે ગાઝીની પૂછપરછ કરવામાં આવી હતી. એનઆઈએના અધિકારીઓ દ્વારા આકરી પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. દાર અને ખાનને ચોક્કસ બેંક અને પ્રોપર્ટી દસ્તાવેજો સાથે લાવવા માટે પણ કહેવામાં આવ્યું હતું. અન્ય પેપરો પણ એનઆઈએ સમક્ષ રજુ કરાયા હતા. એનઆઈએની ટીમ દ્વારા આ મહિનાની શરૂઆતમાં અગાઉ સતત ચાર દિવસ સુધી તેમની પૂછપરછ કરવામાં આવી ચુકી છે. મુંબઈ હુમલાના અનુસંધાનમાં રચવામાં આવેલી કેન્દ્રિય તપાસ ટીમ બાદ આ પૂછપરછ થઈ છે. આતંકવાદીઓને નાણાં ઉપલબ્ધ કરાવવાનો મામલો હાલમાં જ સપાટીએ આવ્યો છે. ગિલાનીના નેતૃત્વમાં હુર્રિયતમાંથી ખાનને સસ્પેન્ડ કરવામાં આવી ચુક્યા છે. બીજી બાજુ એવા અહેવાલ મળ્યા છે કે, પુછપરછ દરમિયાન અલગાતવાદી નેતાઓએ ફન્ડિંગ અંગે કેટલીક કબૂલાત કરી લીધી છે. ત્રાસવાદીઓ માટે નાણા મળી રહ્યા હોવાની પરોક્ષરીતે કબૂલાત કરી લેવામાં આવી છે. ગયા મહિનામાં જ એનઆઈએની ટીમ દ્વારા સતત ચાર દિવસ સુધી રાષ્ટ્રીય પાટનગરમાં તેમની પુછપરછ કરી હતી તે ગાળા દરમિયાન ફન્ડિંગ વાત પરોક્ષરીતે કબૂલી હતી.

## જોઈએ છે

સફાઈ અને કેટરીંગના કામ માટે અનુભવી / બીનઅનુભવી સાઈટ સુપરવાઈઝરની તાત્કાલિક ધોરણે ભરતી કરવાની હોવાથી નીચેના નંબર પર સંપર્ક કરવો.

મો.:૯૭૧૨૯૫૦૮૦૭/૯૪૦૮૩૯૧૦૦૭/૯૯૯૮૬૧૬૨૭૮

ઈ-મેઈલ : omenterprise987@gmail.com







